જન્મદિને વધામણી

જયંતિલાલ ઈશ્વરલાલ સાકરીઆ
ફોન : ૨૩૨ ૩૧૫૯૧

હંસાબેન જયંતિલાલ સાકરીઆ
ફોન : ૨૩૨ ૩૧૫૯૧

મનીષા અપૂર્વ શાહ
મો. ૯૪૨૬૫ ૭૭૨૬૦

વનિતા એમ પ્રજાપતિ
ઓપ્થેલ્મિક આસીસ્ટન્ટ
ગાંધીનગર સિવિલ હોસ્પિટલ

હેત અનિતકુમાર મહેતા
મો. ૯૪૨૬૨ ૮૫૩૨૫

પ્રેમ આર મેઘરાજાણી
મો. ૯૮૨૪૩ ૫૪૧૪૯

વિધાન ઠાકોર
મો. ૯૭૧૨૮ ૨૧૮૪૨

ડો. અંબિકે કમલેશ ઉપાધ્યાય
મો. ૯૯૨૪૬ ૬૬૦૦૯

ઉમેશકુમાર પી વસાવા
મો. ૯૯૭૪૧ ૪૧૩૯૯

બનાસકાંઠામાં એટીએમ તોડી ચોરી કરતી ગેંગના ત્રણ ઝડપાયા

ડીસા, તા. ૫

બનાસકાંઠા જિલ્લામાં જુદા જુદા સ્થળોએ એટીએમ તોડી રોકડ રકમની ચોરી કરનારી તેમજ એટીએમ તોડવાની કોશીષ કરનારી ટોળકીને આગથળા પોલીસે રવિવારે સાંજે લાખણીના મોરાલ ગામ નજીકથી બોલેરો ગાડી સાથે દબોચી લીધી હતી અને ત્રણ આરોપીઓની પુછતાછ હાથ ધરતાં તેમણે બનાસકાંઠા ઉપરાંત રાજસ્થાનમાં આચરેલા ૧૧ ગુનાની કબુલાત કરી હતી.

આ ઘટનાની વિગત જોઈએ તો છેલ્લા ૧૨ માસમાં બનાસકાંઠા જિલ્લામાં આંતક મચાવી ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ બેન્કો દ્વારા કાર્યરત કરાયેલ એટીએમને નિશાન બનાવતી ટોળકીના ત્રણ સાતીર બદમાશો હવે આગથળા પોલીસના કબ્જામાં આવેલ છે. આ ગેંગના ઝડપાયેલા ત્રણ અને અન્ય આરોપીઓએ કાર્યરત છેલ્લા એક વર્ષથી જુદા જુદા સ્થળોએ એટીએમ તોડવાના બનાવોને અંજામ આપ્યો હતો. જેમાં બે ચાર કિસ્સામાં તેઓ સફળ રહેતા લાખોની ચોરી થઈ હતી. આ તસ્કરોને ઝડપી લેવા માટે પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરાયા હતા. જેમાં ધનિષ્ઠ તપાસના અંતે આગથળા પોલીસ મથકના પીએસઆઈ જે.આર. શુકલાએ તેમની ટીમ સાથેના પેટ્રોલીંગમાં મોરાલ ગામના પાટીયા પાસે શંકાસ્પદ બોલેરો ગાડીમાં સવાર આ ત્રણ શકમંદોને ઝડપી પાડ્યા હતા. જેમની પાસેથી ઓક્સીજન સિલિન્ડર, ગેસ કટર, પાઈપ, રેગ્યુલેટર, ડીસમીસ, લોખંડનું પાનુ તેમજ મોબાઈલ ફોન નંગ-૩ મળી કુલ રૂ. ૩,૧૪,૦૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. આથી ગાડીમાં રહેલા ત્રણ શખ્સોની પુછતાછ કરતાં તેમણે એક વર્ષ અગાઉ લાખણીના વાસણ કુડા ગામે એટીએમ તોડી રૂ. ૧૦.૬૭ લાખ, મોરાલ ગામે એટીએમ તોડી રૂ. ૬.૮૩ લાખની ચોરી સહિતના ૧૧ જેટલા ગુના કબુલ્યા હતા. આથી પોલીસે તમામની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બાબતે આગથળા પીએસઆઈએ ઝડપાયેલ આરોપીઓની વધુ પૂછપરછ કરતા તેમને અગિયાર જેટલા તેમની વિરૂદ્ધ વિવિધ પોલીસમથકોમાં નોંધાયેલા ગુના કબુલ્યા હતા. જેમાં લાખણી તાલુકાના વાસણ કુડા ગામે ૧૩ મહિના પહેલા એચડીએફસી બેન્ક એટીએમ તોડી તેમાંથી રૂ. ૧૬.૬૭,૭૦૦ની ચોરી- લાખણી તાલુકાના મોરાલ ગામે સાતેક માસ પહેલા એચડીએફસી બેન્ક એટીએમ તોડી તેમાંથી રૂ. ૬,૮૩,૫૦૦નો ચોરી, લાખણી તાલુકાના કૃષ્ણનગર ખાતે છએક માસ પહેલા બેન્ક ઓફ બરોડા બેન્ક એટીએમ તોડી ચોરી કરવાની કોશિષ, લાખણી ખાતે ચારેક માસ પહેલા દેના બેન્ક મુખ્ય તિજોરી ગેસ કટરથી કાપી ચોરી કરવાની કોશિષ, થરાદ તાલુકાના ડેડુવા ગામે માસ પહેલા એચડીએફસી બેન્ક એટીએમ તોડી ચોરી કરવાની કોશિષ, થરાદ તાલુકાના રાહમાં માસ પહેલા એચડીએફસી બેન્ક એટીએમ તોડી ચોરી કરવાની કોશિષ, ધાનેરા ખાતે ચારેક દિવસ પહેલા યોગેશ્વર વેલ્ડીંગ કારગીલ હોટલ પાસેથી ઓક્સીજન સીલીન્ડર, રેગ્યુલેટર, ગેસકટર તથા પાઈપની ચોરી - રાજસ્થાનના બાડમેર જિલ્લાના પચપદરા ગામના કસ્બામાંથી દસેક દિવસ પહેલા મેસી ટ્રેક્ટરની ચોરી, રાજસ્થાનના બાડમેર જિલ્લાના કલ્યાણપુર ગામે સ્ટેટ બેન્ક બીકાનેર જયપુરનું એટીએમ તોડી, જુની મેસી ટ્રેક્ટરની ચોરી, રાજસ્થાન બાડમેર જિલ્લા પયાપદરા તાલુકાના સરવડી ગામે નારણસિંહની હોટલ ઉપરથી નોકીયા મોબાઈલ ફોનની દસેક દિવસ પહેલા ચોરી તેમજ રાજસ્થાન બાડમેર જિલ્લાના પચાપદરા તાલુકાના જોધપુર પચાપદરા હાઈવે ઉપર આવેલા પટાઉ ગામે જંગલ જેવા વિસ્તારમાંથી એક પતરાની દુકાનમાંથી ૪૦ લીટર ભરેલ કેનની ચોરી કરેલ હોવાના વિવિધ ૧૧ ગુના કબ્લુયા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ચાંગાની નર્સિંગ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર, સેકટર-૨૦ ખાતે કાર્યરત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણ એમ ચાર કાર્યક્ષેત્રમાં કાર્ય કરે છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રશિક્ષણ વિભાગ અંતર્ગત મણિકાકા ટોપાવાળા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ, ચાંગાના એમ.એમ.સી. (પીડિયાટ્રીક નર્સિંગ) ની ચાર વિદ્યાર્થીનીઓ અને ફેકલ્ટી મેમ્બર સાથે ગત તા. ૨૯-૮-૨૦૧૬થી તા. ૩-૯-૨૦૧૬ સુધી 'તંદુરસ્ત સંતાન પ્રાપ્તિ માટે સગર્ભાનુ અધ્યાત્મ કેન્દ્રી પરામર્શન' વિષય પર પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રશિક્ષણ દરમિયાન તપોવન સંશોધન કેન્દ્રમાં સગર્ભા બહેનો દ્વારા થતી દૈનિક પ્રવૃત્તિઓનું પ્રત્યક્ષ નિદર્શન કરાવવામાં આવ્યું હતું. તેમજ ગર્ભસંસ્કાર એક આધ્યાત્મિક વિજ્ઞાન, વિધેયાત્મક વિચારો, આરોગ્ય સુધા, ગર્ભાવસ્થા અને માનસિક સ્વાસ્થ્ય, માતૃપિતૃત્વ-એક આધ્યાત્મિક જવાબદારી, સર્જનશીલતાનો વિકાસ, સદવાંચનનો પ્રભાવ, સગર્ભાવસ્થામાં માસાનુમાસિક રોગોનું શ્રવણ, તાર્કિક વિચારણા, પરામર્શન કુશળતા, પોષણયુકત આહાર, ધ્યાન-યોગ-પ્રાણાયામનું મહત્વ જેવા વિષયો પર યુનિ. દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોડાસાના મકદૂમ ચોકડી નજીક ગાયની ટક્કરે જીપ પલટી જતા ચાર ઈજાગ્રસ્ત

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના માર્ગો પર ચોતરફ ગાયોનો અડીંગો જોવા મળી રહ્યો છે. ગાયની અડફેટે અનેક લોકો ઈજાગ્રસ્ત બનવાની ઘટનાઓ ભૂતકાળમાં બની ચૂકી છે. નગરપાલિકાતંત્ર દ્વારા ગાયોને પાંજરે ન પુરતા વાહનચાલકોની હાલત કફોડી બની છે. રવિવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે મોડાસા ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મખદૂમ ચોકડી નજીક ગાયોનું ટોળુ ન દેખાતા જીપ ચાલકની જીપ ગાય સાથે ટકરાઈ જઈ પલટી ખાઈ જતા જીપગાડીમાં મુસાફરી કરતા ૪ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. બીજીબાજુ જીપગાડીની ટક્કરે ગાયને જીવલેણ ઈજાઓ પહોંચતા તરફડીયા ખાઈ રહી હતી. ઈજાગ્રસ્ત ચાર મુસાફરોને સારવાર અર્થે દવાખાને ખસેડી જીવદયાપ્રેમીઓએ ગાયને બચાવવા સઘન સારવાર હાથ ધરી હતી.

મોદીની ફટકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાનના સૌથી નજીકના મિત્ર તરીકે છે. જમ્મુ કાશ્મીરમાં સ્થિતિને બગાડવાના પ્રયાસ પાકિસ્તાન દ્વારા સતત કરવામાં આવી રહ્યા છે. ભારતનું કહેવું છે કે, પાકિસ્તાન પોતાની જમીનથી આતંકવાદીઓને મોકલીને અશાંતિ ફેલાવવાના કામ કરી રહ્યું છે. મોદીએ જી-૨૦ બેઠકમાં પાકિસ્તાનને ફટકાર લગાવીને સાબિતી આપી છે કે, આતંકવાદને કોઈપણ કિંમતે ચલાવી લેવાશે નહીં. મોદીએ જળવાયુ પરિવર્તનના મુદ્દા ઉપર પણ વાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વધારે પડતી બેકિંગ ગુપ્તતા ખતમ કરવા માટે જી-૨૦ દેશોને અપીલ કરી હતી. મોદીએ આ સંબંધમાં સ્પષ્ટતા કરતા કહ્યુ હતુ કે અસરકારક નાણાંકીય સંચાલન માટે ભ્રષ્ટાચારની સામે પહેલ કરવાની જરૂર છે. સાથે સાથે પૂર્ણ પ્રતિબદ્ધતા અને આર્થિક અપરાધીઓ પર મજબુત સકંજો જમાવવાની જરૂર છે. મોદીએ કહ્યુ હતુ કે આર્થિક અપરાધીઓને દુનિયામાં કોઈ જગ્યાએ સુરક્ષિત રહેવાની તક મળવી જોઈએ નહી. ચીનના પૂર્વીય ભાગમાં સ્થિત શહેરમાં આયોજિત જી-૨૦ શિખર બેઠકના બીજા દિવસે મોદીએ પોતાના ભાષણમાં અનેક મુદ્દા પર સ્પષ્ટ વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે અસરકારક નાણાંકીય સંચાલન માટે ભ્રષ્ટાચાર, કાળા નાણાં અને કરચોરીને રોકવા માટે તમામ પગલા લેવા પડશે. તેમણે કહ્યુ હતુ કે અપરાધીઓની બિનશરતી પ્રત્યાર્પણ કરવાની પહેલ કરવી જોઈએ. જટિલ આંતરરાષ્ટ્રીય નિયમોની જાળને ખતમ કરવાની જરૂર છે. તેમણે કહ્યુ હતુ કે કેટલાક નિયમોના કારણે કામ કરવામાં ભારે મુશ્કેલી નડે છે. વિશ્વ અર્થવ્યવસ્થાને મંદીમાંથી બહાર લાવવા માટેના ઈરાદા સાથે જી-૨૦ શિખર બેઠક શરૂ કરાઈ છે. ઉદ્‌ઘાટન ભાષણમાં ચીનના પ્રમુખ શિ જિનપિંગે સભ્ય દેશોને ખાલી વાતોથી બચવા માટેની અપીલ કરી હતી. ઝિનપિંગે વિવિધ વિષય પર વાત કરીને તમામને કેટલીક અપીલ કરી હતી. સહકાર સાથે આગળ વધવાની અપીલ કરવામાં આવી હતી. જી-૨૦ બેઠકને લઈને ચીની શહેરમાં લોંખડી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. માગો પર સુમસામની સ્થિતી રહેલી છે. ચીન માને છે કે જી-૨૦ની સફળતાથી વિશ્વના મંચ પર તેની પ્રતિષ્ઠામાં વધારો થશે.

સહચિંતન કર્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રસરી જવા પામી છે. રાજભવનમાં પહેલીવાર શિક્ષણ અંગે ચિંતન થયાની વાત શૈક્ષણિક જગત માટે ગૌરવની ઘટના તરીકે લેખાઈ છે.

રાજ્યપાલશ્રી સાથેની ચિંતન બેઠકમાં શિક્ષકોએ પ્રવૃત્તિલક્ષી શિક્ષણની હિમાયત કરી હતી તેમજ પ્રાયોગિક શિક્ષણમાં વિદ્યાર્થીની સક્રિયતા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો વિદ્યાર્થીના પરિણામની સ્પર્ધાથી વાલીઓ દ્વારા વિદ્યાર્થીને અપાઈ રહેલા વધારે પડતા ભારને લઈ ગંભીર ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી હતી. શિક્ષકોની ઘટ અને નિમણુંક માટે જે તે સંસ્થાને જ તે અધિકાર આપવાની વાત પણ રજુ થઈ હતી. બાળકને ગોખણિયુ અથવા પોપટિયુ જ્ઞાન નહિ પણ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ સાથે મૂલ્ય નિષ્ઠ શિક્ષણ આપવા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

શિક્ષકની જવાબદારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી ગયો હોવાનું પણ તેમણે કહ્યું હતુ. કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ફાર્મસી કોલેજના બ્રહ્માણી હોલ ખાતે યોજાયેલા સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં ૧૨ શિક્ષકોને એવોર્ડથી નવાજવા ઉપરાંત ૧૨૮ વિદ્યાસહાયકોને પૂરા પગારમાંથી સમાવવા માટેના નિમણુંક પત્રોનું પણ ઉપસ્થિત મહેમાનોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે જણાવ્યું હતું કે શિક્ષકનું સન્માન એટલે સામાજિક ક્રાંતિનું અભિવાદન છે. તેમણે જણાવ્યું કે ગુણોત્સવના પરિણામમાં જિલ્લો ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યો છે. જિલ્લામાં માત્ર ૧૭ શાળાઓ જ ડી ગ્રેડમાં આવી છે પરંતુ શિક્ષણમાં સ્પર્ધા થાય તે માટે આ શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણને પ્રોત્સાહિત કરવા પંચાયત દ્વારા આગામી વર્ષથી વિશેષ પુરસ્કાર આપવામાં આવશે.

જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતિ ગીતાબેન પટેલે પ્રાંસગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે જિલ્લામાં ગુણવત્તાસભર શિક્ષણને મહત્વ આપવામાં આવ્યુ છે. ઉપચારાત્મક વર્ગોના સંચાલન થકી ગુણોત્સવના પરિણામમાં સુધારો જરૂર થયો છે પણ હજુ ઘણુ કરવાનુ બાકી છે. ટાંચા સાધનો હોવા છતાં અમે આ પડકાર ઉપાડી અમારી ''ટીમ શિક્ષણ'' વધુ યશસ્વી પરિણામ માટે આશાવાદી છે.

એવોર્ડનો પ્રતિભાવ આપતાં પ્રિતીબેન ગાંધીએ જણાવ્યું કે અમને બોલાવી અમને સન્માનિત કર્યાનો આનંદ તો છે પણ સૌને સાથે રાખી સન્માનિત કરાયા તેનો વિશેષ આનંદ છે. તેમણે લિમ્કાબુક ઓફ રેકર્ડમાં નોમિનેશન માટેનો પત્ર જ્યારે શિક્ષણ સમિતિ તરફથી મળ્યો તે આનંદની પળને વાગોળતાં જણાવ્યું હતું કે આ એવોર્ડ મારા સાથી કર્મશીલો, મને સહયોગ આપનાર સૌ શિક્ષણપ્રેમી અને મારી સફળતાનો યશ જેમને આભારી છે તેવા વિદ્યાર્થીઓને અર્પણ કરૂ છુ. તેમણે પુરસ્કારની રકમ જ્યોતિ કાઉન્સીંગ સેન્ટર અને ગ્રંથમંદિર પ્રોજેક્ટને અર્પણ કરવાની પણ જાહેરાત કરી હતી.

આભારવિધિ પૂર્વે જિલ્લા શિક્ષણાધિકારી બારડે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં આવનારા કાર્યક્રમો માટે અત્યારથી જ તૈયારી કરીએ તેમજ એવોર્ડ વિજેતા શિક્ષકો નબળી શાળાને દત્તક લઈ આ શાળાઓને પ્રોત્સાહિત રે તે ખુબજ જરૂરી છે.

સક્રિય વિચારણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બોન્ડના યીલ્ડ સાથે સંબંધિત છે. જેમાં માર્ચ બાદથી ૦.૬૦-૦.૭૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. નાની બચત સ્કીમના વ્યાજદર અંગે અભ્યાસ કરવા અને અંદાજ મુકવા માટે ૨૫ નાણાંકીય નિષ્ણાંતોની ટીમ સાથે વાતચીત કરી છે. જેમાં એમએફ , ઈન્વેસ્ટમેન્ટ નિષ્ણાંતોનો સમાવેશ થાય છે. મોટા ભાગના નિષ્ણાંતો કહી ચુક્યા છે કે આ મામલો રાજકીયરીતે સંવેદનશીલ છે. જેથી સરકાર દર ત્રણ મહિને તેના દરોમાં સમીક્ષા કરશે નહી. નિષ્ણાંતો કહે છે કે ઈપીએફમાંથી શેરબજારમાં એટલા ઓછા પૈસા રોકવામાં આવી રહ્યા છે કે તેની અસર દેખાઈ રહી છે. તેના રિટર્ન પર પ્રતિકુળ અસર થઈ રહી છે. આઉટલુક એશિયા કેપિટલના સીઈઓ મનોજ નાગપાલે કહ્યુ છે કે ઈપીએફના કુલ ફંડમાં ઈક્વિટીની હિસ્સેદારી માત્ર એક ટકા છે. તેની અસર દેખાવવામા કેટલાક વર્ષો લાગી શકે છે. રેટિંગ એજન્સી ક્રિસિલના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો નવા રોકાણમાંથી માત્ર પાંચ ટકા રકમ જ શેરબજારમાં રોકવામાં આવે છે તો કુલ રકમના પાંચ ટકા સુધી પહોંચવામાં ૧૫ વર્ષનો સમય લાગી શકે છે. તેમાં ઈક્વિટી પર ૧૨ ટકા અને ડેટા ઈન્વેસ્ટમેન્ટ પર આ ટકા રિટર્નનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે. સરકાર આ લિમિટને પાંચ ટકાથી વધારીને ૧૦ ટકા કરવાની ઈચ્છા ધરાવે છે. થોડાક દિવસ બાદ આ સંબંધમાં બેઠક થઈ શકે છે. હિન્દુ મજદૂર મહાસભાના સેક્રેટરી અર્જુન દેવ નાગપાલે કહ્યું છે કે, શેરબજાર ખુબ જ પ્રવાહી હોય છે. ગયા વર્ષે જ્યારે માર્કેટમાં ઘટાડો થયો હતો ત્યારે ઈટીએફમાં મુકવામાં આવેલી રકમની વેલ્યુ નેગેટિવ થઈ ગઈ હતી. હવે મજુરોના પૈસા જોખમી ક્ષેત્રોમાં મુકી શકાય નહીં. આવી સ્થિતિમાં દક્ષિણપંથી ભારતીય મજુર સંઘ દ્વારા પણ ઈક્વિટી માર્કેટમાં ઈપીએફના પૈસા રોકવાનો વિરોધ કર્યો છે. બીએનએસના નેશનલ જનરલ સેક્રેટરી અને નેશનલ બોર્ડ ઓફ ટ્રસ્ટીના મેમ્બર બ્રજેશ ઉપાધ્યાયે કહ્યું છે કે, જો વ્યાજદરમાં ઘટાડો થાય છે તો, આ વર્ષે માની લેવું જોઈએ કે, ૮.૨૫ ટકા વ્યાજ મળશે. આ ઘટીને ૫ ટકા અથવા ૩ ટકા થશે નહીં. ઓછી આવકના લોકો નિવૃત્તિ બચતને શેરબજાર જેવા જોખમી ક્ષેત્રોમાં મુકી શકે નહીં. સરકારી અધિકારીઓ આ દાવાને ખોટા ગણાવે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીના વાઈસ ચેરમેન અને લેબર સેક્રેટરી શંકર અગ્રવાલનું કહેવું છે કે, શેરબજારની સારી સમજ નહીં ધરાવનાર લોકોના કારણે ઈક્વિટીમાં રોકાણનો વિરોધ થઈ રહ્યો છે.

તેમણે કહ્યું હતું કે, ગયા વર્ષે ઈન્વેન્સ્ટમેન્ટ વેલ્યુ માઈનસમાં જતી રહી હતી પરંતુ પુરતો સમય આપવાની સ્થિતિમાં સારા રિટર્ન મળી શકે છે. મોટાભાગના ફાઈનાન્સિયલ નિષ્ણાતો પણ આને યોગ્ય ગણે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, વૈશ્વિક સ્તર પર ૩૦ ટકા નિવૃત્તિ બચત શેરબજારમાં લાગેલી છે. ભારતમાં ઈપીએફથી હાલમાં ઈક્વિટી-ઈટીએફમાં રોકાણ શરૂ કરવામાં આવ્યું છે. આવા પગલા મોડેથી લેવાઈ રહ્યા છે પરંતુ બિલકુલ યોગ્ય છે. ટૂંક સમયમાં જ મહત્વપૂર્ણ બેઠક યોજનાર છે. જેમાં આ પાસા ઉપર પણ ચર્ચા થશે. ૯૫ ટકા ફ્રેશ ઈન્ફ્લોને વર્તમાન વ્યાજદરમાં બોન્ડમાં લગાવવામાં આવશે. આ સંદર્ભમાં ઈન્ડિયા લાઈફ કેપિટલમાં વરિષ્ઠ અધિકારી અમિત ગોપાલનું કહેવું છે કે, આવી સ્થિતિમાં આ વર્ષે પીએફ વ્યાજદરમાં ઘટાડો થવો જોઈએ.

બનાસકાંઠા જિલ્લાના ૧૯ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું

પાલનપુર મુકામે આવેલ શ્રી કાનુભાઈ મહેતા ભવન ખાતે કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય મંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને તથા જિલ્લાના પ્રભારી અને શ્રમ, રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર તથા સામાજિક અને શૈક્ષણિ રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજ્યમંત્રી કેશાજી ચૌહાણની ઉપસ્થિતિમાં શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકોને પારિતોષિક આપવા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લાના ૧૯ શ્રેષ્ઠ શિક્ષકોનું પારિતોષિક આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ પારિતોષિક મેળવનાર શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે પૂર્વ રાષ્ટ્રપતિ અને આજીવન શિક્ષકશ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિને દર વર્ષે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. તેમણે કહ્યું કે બાળકોનું ભવિષ્ય અને રાષ્ટ્ર નિર્માણની ખુબ મહત્વની જવાબદારી શિક્ષકોના શિરે છે. તેમણે કહ્યું કે બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કાર સિંચનનું કામ પ્રાથમિક શાળાના શિક્ષકો કરે છે એટલે જ પ્રાથમિક શાળાના શિક્ષકોને વિદ્યાર્થીઓ કાયમ માટે યાદ રાખતા હોય છે.

આદિવાસી સાથે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યકરોમાં ઉત્સાહ વધારવાના હેતુસર તેમની યાત્રાને ગણવામાં આવે છે. ત્રીજી નવેમ્બરના દિવસે મોદી મણિનગરમાં વર્લ્ડ કબડ્ડી ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કરવાના હેતુસર આવનાર છે. તેઓ અમદાવાદમાં તેમના જુના મત વિસ્તારમાં પહોંચનાર છે. પીએમઓ દ્વારા પહેલાથી જ આ અંગે સમર્થન આપી દેવામાં આવ્યું છે. મોદી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં પણ ભાગ લેનાર છે. આ સમિટ ૯મી જાન્યુઆરીથી ૧૧મી જાન્યુઆરી સુધી ૨૦૧૭માં યોજાનાર છે. મોદી દ્વારા ૯મી જાન્યુઆરીના દિવસે વીજીએસ એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આગલા દિવસે પણ કાર્યક્રમો રહેશે. અત્રે નોંધનીય છે કે, મોદીએ ૩૦મી ઓગસ્ટના દિવસે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજનાના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તે વખતે તેઓએ ખાતરી આપી હતી કે, હવે લોકોની ફરિયાદ રહેશે નહીં. તેઓ વારંવાર ગુજરાત આવનાર છે. ૩૦મી ઓગસ્ટ પહેલા મોદી બોટાદ જિલ્લામાં પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં મોદીના આગામી કાર્યક્રમને લઈને માહિતી પ્રકાશિત કરવામાં આવી હતી. મોદીના કાર્યક્રમોને લઈને ભાજપના કાર્યકરો પણ તૈયારીમાં વ્યસ્ત રહ્યા છે.

ઉમદા વ્યવસાય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂપાણીએ શિક્ષકની સજ્જતા સમયાનુકુલ આધુનિક જ્ઞાન વિજ્ઞાનના યુગમાં અગ્રસ્થાને હોય તેવી પ્રેરણા આપતા કહ્યું કે, આવનારો યુગ અને આખી સદી શિક્ષણની જ્ઞાનની સદી બનવાની છે. ત્યારે શ્રેષ્ઠ સમાજ, શ્રેષ્ઠ રાજય રાષ્ટ્ર નિર્માણ માટેની પેઢી તૈયાર કરનારા પ્રતિબદ્ધ શિક્ષકોનું મોટું વૃંદ ટીમ તૈયાર થાય તેવી નેમ દરેક શિક્ષક સ્વયં રાખીને સર્વાંગી વિકાસશીલ સમાજ રચનારો ઘડવૈયો બને મુખ્યમંત્રીએ શિક્ષક સમાજને પાઠયક્રમથી ઉપર ઉઠીને બાળકના વિદ્યાર્થીના સર્વગ્રાહી ઘડતર થાય તેવા સમવિષ્ટના કલ્યાણભાવના શિક્ષણ માટે દ્રષ્ટાંત સહ પ્રેરણા આપી હતી. રાજય શ્રેષ્ઠશિક્ષક પુરસ્કાર સમારોહમાં આજે રાજયપાલ, મુખ્યમંત્રી તથા વિધાનસભાના અધ્યક્ષ અને મંત્રીઓએ ૪૨ શિક્ષકોને પ્રત્યેકને ૫૧ હજાર, શોલ-તામ્રપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્રતયા ૨૧.૪૨ લાખના રોકડ પુરસ્કારો આજના એક જ દિવસમાં રાજય સરકારે શિક્ષકોનું સન્માન કરતા અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શિક્ષક દિવસની સવારે આજે ગાંધીનગરની શાળાના બાળકોને ફાળો અર્પણ કરી ગુરૂજનો પ્રત્યેનું ઋણ અદા કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.ડૉ.રાધાકૃષ્ણનની જન્મતિથીએ દેશભરમાં શિક્ષક દિવસની ઉજવણીની પરંપરામાં શિક્ષકો ગુરુજનો પ્રત્યે આદરભાવ રૂપે સ્વૈચ્છિક ફાળો શિક્ષક કલ્યાણનિધિમાં અર્પણ કરવામાં આવે છે. આજે વિજય રૂપાણીએ શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો અર્પણ કર્યો હતો અને ગાંધીનગરની શાળાના બાળકો સાથે તેમના અભ્યાસ વિષયક પ્રશ્નોતરી કરી વિગતો મેળવી હતી. આ વેળાએ ગાંધીનગર કલેકટર સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડીપી દેસાઈ, પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તથા બાળકો શિક્ષકો પણ જોડાયા હતા.

ડાયરેક્ટ ❤ સે

આગળ વધવાવાળા ક્યારેય બીજાને અટકાવતા નથી અને બીજાને અટકાવવાવાળા ક્યારેય આગળ વધતા નથી.

ખૂણે ખાંચરેથી...

● ધારાસભ્ય અશોક પટેલ નાદુરસ્ત તબિયત હોવાને કારણે આજે કાર્યક્રમોમાં હાજરી આપી અને ઘરે જઈ આરામ કર્યો હતો.

● જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિતરણ સમારોહમાં તમામ વક્તાઓએ તેમના લખેલા ભાષણો વાંચ્યા હતા જેને લઈ શિક્ષકોમાં વાંચનની કસોટી ચાલી રહી હોવાની હળવી મજાકો થતી સાંભળવા મળી હતી.

● શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મેળવનાર પ્રિતીબેન ગાંધીએ તેમને મળેલ પુરસ્કારની રકમ ગ્રંથમંદિર તેમજ જ્યોતિ કાઉન્સીલીંગ સેન્ટર જે તેમની શાળામાં ચાલે છે તેને અર્પણ કરવાની જાહેરાત કરી હતી.

● આજે ભગવાન ગણેશની નગરયાત્રાનો પ્રારંભ સે. ૨૨માં ભાવિક રાવલના ઘરેથી થયો ત્યારે પરિવારના સભ્યોમાં આનંદના અશ્રુઓ વહેતા જોવા મળ્યા હતા.

● જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોના એવોર્ડ વિતરણ સમારોહમાં દિપ પ્રાગટ્ય બાદ નીચે મુકાયેલી દિવી પગથી અડફેટે આવતાં તે પડી ગઈ હતી સદનસીબે કોઈ અન્ય અકસ્માત થયો ન હતો તેથી આયોજકોએ રાહત અનુભવી હતી.

● શહેરમાં રખડતા પશુઓની સમસ્યાને લઈ હવે તંત્રના અધિકારીઓ પણ ચિંતીત બન્યા છે અને આ માટે હવે લોકો પાસેથી સૂચનો મેળવીને આગળ વધે તેવી શક્યતાઓ છે.

● જિલ્લાના પ્રભારી તરીકે નિમાયેલા રાજય મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીએ આજે કલેક્ટર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ પહેલેથી જિલ્લાની પ્રાથમિક વિગતો સાથે મહિલા-બાળ વિકાસની યોજનાના અમલીકરણની પૃચ્છાઓ કરી હતી.

● પૂર્વ જિ. પંચાયત પ્રમુખ હીના પટેલે તેમના ઘરે ગણપતિને તેડ્યા છે. આ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે આજે તેમણે ગરબાનું પણ આયોજન કર્યું હતું.

લોકાર્પણ કર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાખા કાર્યરત રહેશે. જયારે ૬ જેટલા ઈન્ટરવ્યુ બોર્ડ તેમજ ૮ પરીક્ષાખંડ પણ તૈયાર કરાયા છે.વધુમાં એકસાથે ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઓનલાઈન પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ ઉપરાંત જાહેર સેવા આયોગના મેમ્બર સેક્રેટરી ચેરમેન જોઈન્ટ સેક્રેટરી,ડેપ્યુટી સેક્રેટરીની અલગ ચેમ્બર પણ બનાવામાં આવી છે. ગાંધીનગરમાં જી પી એસ સી ભવનનુ નવુ બિલ્ડીંગ તૈયાર કરી દેવાતા હવે પરીક્ષાલક્ષી કાર્યવાહી માટે અમદાવાદ જવુ નહીં પડે વર્ષ ૧૯૬૦ થી જી પી એસ સી ભવન અમદાવાદ સ્થિત લાલદરવાજા ખાતે કાર્યરત છે. જયારે સે-૧૦ માં ભવનની નવી કચેરીનુ નિર્માણ થતા હવે સમગ્ર કાર્યવાહી અહીંથી જ થશે. આ તબક્કે મુખ્યમંત્રી દ્વારા મોબાઈલ એપ પણ લોન્ચ કરવામાં આવી હતી.

નામ બદલેલ છે

મારું જૂનુ નામ **રિયા અપૂર્વ શાહ** હતું તે બદલીને નવું નામ **ત્વિષા અપૂર્વ શાહ** રાખેલ છે.

સરનામું : ૨૦૬, આનંદવાટિકા સોસાયટી, જૈન દેરાસર પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર